


1. કીડી અને અબરખ ---------------- 2

2. કીડીએ પહેરી ઝાંઝરી ------------- 6

3. કીડી બની વેપારી -----------------10

4. કીડીનો પહાડ ------------------14

5. કીડી અને પાણીપૂરી --------------16

6. ખિસકોલીની પૂંછડીમાં લાલ ધમાલ -----18

7. કીડી ચોંટી ચ્યૂઇંગ-ગમમાં----------- 20




QR શ્રાવ્ય

આ પુસ્તકની દરેક વાર્તા સાથે આપેલ QR Codeને તમારા સ્માર્ટ ફોનના QR Code Scanning App વડે સ્કેન કરીને તેની લિંક ખોલવાથી આપ તે વાર્તા સાંભળી શકશો.

# કીડી અને અબરખ

'ચાલો... ચાલો... આપણે પિકનિક કરીએ.' એવું વિચારીને કીડીઓનું ટોળું તો નદીએ ઊપડ્યું.

કીડીબાઈયું તો પાણીમાં ધુબાકા મારે ને નાની બચુડી કીડીઓ કાંઠે છબછબિયાં કરે ને પાણીની છોળો ઉડાડે. કીડીઓ ચડી'તી તોફાને! એમાં એક કીડી હતી લાલચટક. એનું નામ ચટક પડી ગયું હતું.

હવે આ ચટકને તો કાંઠાની સુંવાળી રેતીમાં રમવાની મજા પડી. એ તો સુંવાળી રેતીમાં ઉપરનીચે થાય ને આળોટે. એટલામાં એને રેતીમાંથી નાનકડું અબરખ મળી ગયું. કીડી તો જોઈ રહી. મનમાં બોલી, 'જુઓ તો ખરા! કેવું મજાનું પડવાળું, લીસું ને રંગબેરંગી છે!' કીડી તો એનાથી રમવા લાગી. એક પાંચીકા જેવા કાંકરાના ટેકે અબરખને ગોઠવ્યું ને પછી ચટક તો ચડી પાંચીકા પર ને અબરખ પર આવી ને લપસી નીચે. એને તો લપસવાની મજા આવી ગઈ. એ તો વારંવાર પાચીકે ચડે ને અબરખ ઉપરથી લપસે. એ તો બેનપણીઓને ભૂલી ગઈ. એટલી મશગૂલ થઈ ગઈ! એની બેનપણીઓ પણ નાહવામાં ને ખાવામાં એવી મશગૂલ થઈ ગઈ કે ચટકને ભૂલી ગઈ બોલો! ચટક કીડી તો લપસતી જાય ને ગીત ગાતી જાય,

*'નામ તમારું શું છે...*
*નામ તમારું શું?*
*અહીં રેતીમાં પડયાં-પડ્યાં તમે કરો છો શું?'*

અબરખે તો જવાબ આપ્યો :

*'નામ અમારું અબરખ,*
*તેં સાંભળ્યું છે શું?*



*રંગબેરંગી છું રે,*
*લઈ જા મને તું.'*


ચટક કીડી તો નાચવા લાગી. નાચતાં-નાચતાં થયું, કે– 'આહા... હા! આની ઝાંઝરી બનાવી હોય તો પગમાં કેવી ચમકે! પછી તો બેનપણીઓને બતાવું, કે જુઓ ખજાનો મળ્યો!'

ચટક તો બેનપણીઓને બોલાવા ગઈ, ને જુએ તો બેનપણીઓ તો જતી રહી હતી. કાંઠાની ભેખડોમાંથી અંધારું બહાર, નદીના પટમાં છાના પગે આવવા લાગ્યું હતું. ચટક તો બી ગઈ. હવે કરવું શું? એ પાછી અબરખ પાસે આવી. પણ અબરખ દેખાતું ન'તું. પણ... ચટક એમ હિંમત હારે નહીં હોં! એણે તો ફરી ગીત ગાયું,

*'રંગ તમારા ક્યાં ગયા, રંગ તમારા ક્યાં?*
*અબરખ! જવાબ આપો, તમે છુપાયા ક્યાં?'*

અબરખે જવાબ આપ્યોઃ

*'સૂરજ ડૂબતાં રંગ ડૂબ્યા, ને તમે ભૂલ્યાં દિશા.*
*ધીરે આવો ચાલતાં, અમે છીએ ભૈ લીસા.'*




કીડી તો અબરખને શોધવા લાગી. રેતીમાં ડગુમગુ ચાલે ને વચ્ચે આવતા કાંકરા પર ચડે ને ઊતરે. પાછી વિચારે, બાપ રે! કેટલા પહાડ ચડવા ને ઊતરવા? હું તો થાકી ગઈ. ચટકે તો તાણ્યો ભેંકડો એં... એં... ત્યાં એને અવાજ સંભળાયો, "કીડીબાઈ, કેમ રડો છો?" ચટક કહે, "મારો અબરખીયો ભાઈબંધ ખોવાઈ ગયો, એં... એં..."

"અરે કીડીબાઈ, તમે મારા પર તો ઊભા છો. જુઓ જુઓ. નીચે જુઓ. હું છું અબરખ." કીડી તો ખુશ થઈ ગઈ. અબરખને વહાલી થવા લાગી, આળોટવા લાગી ને અબરખને

કહેવા લાગી, "અબરખભાઈ, બેનપણીઓ તો જતી રહી. મને એકલા બીક લાગે છે. તમે મને મૂકવા આવશો મારા ઘરે?"

"અરે કીડીબેન, હું તમને મુકવા કેમ આવું, મારે તમારાં જેવા પગ થોડા છે? તમે જ મને ખેંચી જાવ, જેમ સાકરના ગાંગડાને ખેંચો છો ને એમ."



કીડીએ તો આગલા બે પગ ઊંચા કર્યા ને અબરખને ટેકે ઊભી રહી. અબરખને પગ નથી ને પોતાને છે– એવું સાંભળીને એ તો ફુલાણી. એ ફૂલી એટલે એની આંખ ફૂલીને મોટી થઈ, એટલે એને મોટું અંધારું દેખાણું. એ તો, કૂતરું પૂંછડી દબાવી ભાગે એમ ભાગી તે સીધી અબરખની નીચે ભરાઈ ગઈ. અબરખ નીચેથી અંધારાને જોતી'તી ત્યાં વિચાર આવ્યો, 'અરે! હું અંધારથી બી ગઈ! આ અંધારાને તો એક ધક્કો મારું તો ભાગી ન જાય? જાય... જાય. મારા ધક્કા પછી આ અંધારાની અહીં ઊભવાની ત્રેવડ રહે કે? એય ભાગે પૂંછડી દબાવીને.' ચટકે તો માથું ઊંચું કર્યું ને ગાય ઢીંક મારે એમ એણે ઢીંક ઉલાળી હવામાં માથું વીંઝ્યું. ત્યાં થયું એવું કે સૂરજનું પહેલું કિરણ ફૂટ્યું. આછો ઉજાસ થયો. કીડી તો ખુશ થઈ ગઈ! તેણે પાછી ગાયની જેમ ઢીંક ઉલાળી. જુએ તો અજવાળું થોડું વધારે વધ્યું'તું. ચટક કીડી તો તાળી પાડવા લાગી, "ભાગ્યું રે ભાઈ ભાગ્યું, પૂંછડી દબાવી અંધારું ભાગ્યું." અબરખ પરથી લપસીને એ નીચે આવીને અબરખને કહે કે, "ખાલી બે ઢીંક મારી અંધારાને, ત્યાં તો જે ભાગ્યું... જે ભાગ્યું..." કીડી ચટક તો ખડખડાટ હસતી હતી. અબરખ તો હજુ ઉંઘતું હતું.

કીડી કહે, "અબરખભાઈ, હવે ઊઠો. મેં અંધારાને ભગાડી દીધું છે. તમે બીતા નહીં."

અબરખ બગાસું ખાતું બોલ્યું, કે હું સૂરજ ઉપર આવે, મને એના તાપથી નવડાવે પછી હું ઊઠું, ને રંગબેરંગી ચમકું.

એટલામાં કીડીની નજર ઊગતા સૂરજ પર ગઈ, "આહા... હા. આ મોટો લાલ ચાંદલો મને મળે તો! "

*'પગમાં ઝાંઝરી કપાળે ચાંદલો*
*કીડીબાઈનો વર બને ઝાડ પરનો વાંદરો.'*

તડકો ઉપર ચડીને અબરખને ચમકાવતો હતો. ચટક કીડીને થયું કે ના... ના... આવા સુંદર ભાઈબંધના નાના ટુકડા કરીને ઝાંઝરીમાં પરોવી પગમાં ન પહેરાય હોં. એ તો પાછી અબરખ પર ચડી લપસવા લાગી. સવારે બીજી કીડીઓ નદીએ નાહવા આવી એટલે અબરખે કહ્યું: "જાઓ ચટક કીડીબાઈ જાઓ, બેનપણી હારે નદીએ નાવ ને ઘરે જાવ."

કીડી ચટક તો દોડતી દોડતી ભાગી બેનપણી પાસે, અંધારાને મારેલી ઢીંકની વાત કહેવા.

